આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૬૫ | ૧૫ મે ૨૦૧૨, મંગળવાર, વૈશાખ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


*આપણે ઊંઘતા રહીએ અને બીજાને જાગતા રહેવાનું કહીએ એ કેમ ચાલે? આચરણ વિનાનો ઉદ્દેશ્ય ફોગટ છે*

**- રવિશંકર મહારાજ**

# હવે, કૃષિ મહોત્સવ ૩૧મીએ આટોપાશે

## નબળા પ્રતિસાદને પગલે ૮ વર્ષથી એક માસ સુધી ચાલતી ઉજવણી આ વખતે ૨૫ દિવસમાં જ સંપન્ન કરવાનો સરકારનો નિર્ણય

ગાંધીનગર, તા.૧૪

કૃષિ મહોત્સવની ઉજવણીમાં મળી રહેલા નબળા પ્રતિસાદને કારણે એક સપ્તાહ ઉજવણી ટુંકાવી ૩૧ મે સુધીમાં મહોત્સવ પૂર્ણ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે રાજય સરકારમાંથી મળેલ સૂચનાને પગલે હવે આ અંગેનું નવું આયોજન હાથ ધરી દેવામાં આવ્યું છે. જો કે આ સંદર્ભે યોજાનારા પશુ મેળા કે અન્ય કોઈ કાર્યક્રમમાં કપાત કરવાની રહેશે નહિ.

કૃષિ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજયમાં વહેલુ ચોમાસુ આવવાની વકી અને વધતી જતી ગરમીના કારણે આ કાર્યક્રમ ટુંકાવવામાં આવી રહ્યો છે. ખેડૂતોને વાવણી માટેની પુરતી તૈયારી કરવાની તક મળી રહે તે પણ એક હેતુ છે. છેલ્લા ૨૨ દિવસમાં રાજયભરમાં કમોસમી વસાદનો અનુભવ થયો છે ત્યારે સરકારે આ મહત્વનો નિર્ણય લીધો છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે સમય-પત્રકમાં નજીવા ફેરફારો જ માત્ર કરવામાં આવી રહ્યા છે.


**ખેડૂતો દ્વારા આ વખતે જે પ્રતિસાદ મળવો જોઈએ તેટલો સારો પ્રતિસાદ ન મળતાં સરકાર ચોંકી ઉઠી હતી**

કૃષિ મહોત્સવ છેલ્લા ૮ વર્ષથી રાજય સરકાર દ્વારા ઉજવવામાં આવી રહ્યો છે. આ મહોત્સવની ઉજવણીને કારણે ખેડૂતોના ઉત્પાદનમાં તેમજ આવકમાં પણ નોંધપાત્ર વધારો મેળવી શકાયો હોવાનો દાવો કૃષિ વિભાગના સૂત્રો કરી રહ્યા છે.

દર વર્ષે કૃષિ મહોત્સવની ઉજવણી અખાત્રીજના દિવસથી થતી હોય છે. રાજય સરકારે આ વર્ષે આ ઉજવણી અખાત્રીજથી નહિ પણ ૬ મે થી કરવાનો નિર્ણય કર્યો હતો.

રાજયના મુખ્યમંત્રી શ્રી મોદી આ મહોત્સવની ઉજવણી દરમિયાન રોજ સાંજે ખેડૂતોને વિડીયો કોન્ફરન્સથી સંબોધન કરે છે. ખેડૂતો દ્વારા આ વખતે જે પ્રતિસાદ મળવો જોઈએ તેટલો સારો પ્રતિસાદ ન મળતાં સરકાર ચોંકી ઉઠી હતી. તેણે અધિકારીઓને આ બાબતે એસ.એમ.એસથી સમગ્ર મહોત્સવનું મોનીટરીંગ કરવા માટે પણ સૂચનાઓ આપી હતી. જો કે આ પછી પણ કોઈ સુધારો ન જણાતાં હવે સરકારે એક સપ્તાહ વહેલો આ મહોત્સવ આટોપી લેવાનો નિર્ણય કર્યો છે.

આ મહોત્સવ એક સપ્તાહ વહેલા આટોપી લેવાનો થતો હોઈ હવે શનિ-રવિ ની રજા દરમિયાન પણ કૃષિ મહોત્સવના રથની ફેરણી થશે તેમજ તેના નિયત કાર્યક્રમો યોજવામાં આવશે. આ ઉપરાંત કેટલાક કિસ્સામાં એક જ દિવસમાં બે તાલુકા બેઠકો પણ શકય હોય તો આવરી લેવા જણાવવામાં આવ્યું છે. ખાસ કરીને નાના વિસ્તારોમાં આવું વિચારવું તેમ સરકારે સૂચનાઓમાં જણાવ્યું છે.





ઉનાળામાં પશુ-પક્ષી અને માનવી ભલે ગરમીથી પરેશાન થાય. પણ પ્રકૃતિ માટે ઉનાળો એટલે અનેક પ્રકારનાં ફળો (ફળોના રાજા કેરી સહિત) અને ફૂલોને મ્હોરવાની મૉસમ. આ મૉસમ ગાંધીનગર શહેરમાંય સોળે કળાએ ખીલી છે. પ્રસ્તુત તસવીર ઉનાળાનો આવો જ શૃંગાર સજીને ઊભેલાં એક વૃક્ષની છે. સૅક્ટર-૨૧ ખાતે ડિસ્ટ્રીક્ટ શૉપીંગ સેન્ટર પાસે રાજરાજેશ્વર મંદિરની ઉપર છાંયો પાથરતું આ વૃક્ષ ૧૦૦ વર્ષ પુરાણું છે. અને હાલ એ અનેક રાયણોથી શોભી રહ્યું છે. એવો તો સુંદર એનો દેખાવ છે કે અહીંથી પસાર થનારા નગરજનો કે દર્શન માટે આવનારા ભાવિકો પણ એની સામે નજર માંડ્યા વિના રહી શકતા નથી. **(તસવીર : દિપક જાની)**

# મનપાની સામાન્ય સભા ૧૯મીએ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા આગામી ૧૯મી મે ના રોજ મહાનગરપાલિકાના સભાખંડમાં બપોરે બે વાગે મળશે.

મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં ડે. મેયર શ્રી યુસુફભાઈ પરમારની મુદત પુરી થતી હોઈ આ જગ્યાની ચૂંટણી યોજવામાં આવનાર છે.

**ડે. મેયરની ચૂંટણીનો એક માત્ર એજન્ડા**

ડે. મેયરની મુદત બે વર્ષ માટે અગાઉથી જ કોંગ્રેસ પક્ષે નિયત કરી હોવાથી કોંગ્રેસ પક્ષ દ્વારા શ્રી યુસુફભાઈ પરમારને પુનઃ ઉમેદવાર બનાવવામાં આવશે. જો કે આ વખતે ભાજપ આ ચૂંટણીમાં તેના ઉમેદવાર મુકે તેવી શક્યતાઓ પણ રહેલી છે. આ અંગે સ્થાનિક નેતાગીરી અને પ્રદેશ નેતાગીરી વચ્ચે આ સપ્તાહમાં બેઠક બાદ નિર્ણય લેવામાં આવશે તેમ જાણવા મળેલ છે. સામાન્ય સભામાં આ ચૂંટણી સિવાય અન્ય કોઈ કામ હાલ દર્શાવવામાં આવ્યું નથી. આ બેઠક ઔપચારિકતા બેઠક બની રહેશે તેમ મનાઈ રહ્યું છે.

# ગાંધીનગર જિલ્લામાં નવા ૪૨ મતદાન મથકો

## ૨૦૦૯ની તુલનામાં ૯૨૦૦ જેટલા મતદારો જ વધ્યા છે : ૧લી જુનથી મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરાવાની છે

ગાંધીનગર, તા. ૧૪

વર્ષ ૨૦૦૯માં નવા સીમાંકન પ્રમાણે યોજાયેલ લોકસભાની ચૂંટણી કરતાં જિલ્લામાં વિધાનસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીમાં ૪૨ જેટલા નવા મતદાનમથકો બનાવવામાં આવશે.

આ વર્ષે રાજયમાં યોજાનાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ અંગેની તૈયારીઓ પંચ દ્વારા પૂરજોશમાં આરંભી દેવામાં આવી છે. જેમાં મતદાન મથકોના પુનઃગઠન અંગેની કાર્યવાહી તેના અંતિમ તબક્કામાં છે.

પંચ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૦૦ મતદારોએ અને શહેરી વિસ્તારમાં ૧૩૫૦ કરતાં વધુ મતદારો ધરાવતા હોય તેવા મતદાન મથકોમાંથી નવા મતદાન મથકો બનાવવા માટે પંચે આપેલી સૂચનાને પગલે આ કવાયત હાથ ધરવામાં આવી હતી. ૨૦૦૯માં યોજાયેલ લોકસભાની ચૂંટણી વેળાએ જિલ્લામાં ૧૦૭૦ મતદાન મથકો હતા જેની સામે વિધાનસભાની આવી રહેલી ચૂંટણીમાં મતદાન મથકોની સંખ્યા વધીને ૧૧૧૨ થશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં ૨૦૦૯માં નોંધાયેલા મતદારોની સંખ્યા ૯,૪૯,૭૫૮ હતી જે આગામી ૧લી જુને પ્રસિદ્ધ થનાર મતદાર યાદીમાં વધીને ૯,૫૪,૦૪૧ થશે. આમ ત્રણ વર્ષના ગાળા દરમ્યાન જિલ્લામાં ૯૨૮૩ મતદારોનો ઉમેરો થશે.

● અનુસંધાન પાન-૭ પર


Join me in

નર્સરીથી ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ, કોમર્સ પ્રવાહ (અંગ્રેજી/ગુજરાતી માધ્યમ)

કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે સંલગ્ન

હોસ્ટેલની ઉત્તમ સુવિધા - ગર્લ્સ/બોયસ

ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ

Gandhinagar-Mansa highway, Randheja

Ph : 079 23976821-22-23

Mo : 9925017160

www.gipschool.com; e-mail - gips.school@yahoo.com




ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ માર્કશીટ મેળવવા માટે આવી પહોંચ્યા હતા. કેટલીક જગ્યાએ ઉજવણી પણ કરવામાં આવી હતી.

# રાજયમાં ગરમીનો પારો ફરી ઉંચકાયો : નાગરિકો ભારે હેરાન

## અપરએર સર્ક્યુલેશન સર્જાયુ : વિવિધ ભાગોમાં હાલમાં છુટાછવાયા ઝાપટાની પણ આગાહી

અમદાવાદ, તા.૧૪

બે દિવસ પહેલા આવેલા હવામાનમાં પલટા બાદ ગરમીનો પારો ત્રણ ડિગ્રી જેટલો ઘટ્યો હતો. જો કે, આજે સવારથી ગરમીનો પારો ફરી ઉંચકાયો છે. બીજી બાજુ આગામી સમયમાં ફરી ગરમીનો પારો વધવાની શક્યતા સેવાઈ રહી છે. રાજ્યમાં આજે ગરમીનો પારો વધ્યો હતો. આજે દિવસભર લોકો ગરમીથી પરેશાન થયા હતા. આગામી સમયમાં ગરમીનો પારો વધે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. દરમિયાનમાં હવામાન વિભાગે જણાવ્યું હતું કે, પશ્ચિમ મધ્ય પ્રદેશ તથા પૂર્વ અરબ સાગરમાં અપર ઍર સર્ક્યુલેશન સર્જાયું છે. આ ઉપરાંત આગામી સમયમાં રાજ્યના વિવિધ ભાગોમાં છુટા છવાયા ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદ સહિત રાજયના વિવિધ શહોરોમાં આજે ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ યથાવત્ રહ્યો હતો. આગામી દિવસોમાં તાપમાન વધે તેવી શકયતા છે. ગરમીને કારણે શહેરમાં બપોરે જનજીવન પર સામાન્ય અસર જોવા મળી હતી.

અમદાવાદ સહિત રાજ્યમાં આજે રાજ્યમાં આજે ગરમીનું મોજું ચાલુ રહ્યું હતું. અને બપોરે લમણા શેકી નાખતી લૂ ફુંકાઈ હતી. લોકોએ બપોરે ઘર કે ઓફિસમાં જ રહેવાનું પસંદ કર્યુ હતું. રાજયના ચાર શહેરોમાં ગરમી ૪૦ ડિગ્રીથી વધુ નોંધાઈ હતી. રાજ્યમાં સૌથી વધારે ગરમી રાજકોટમાં ૪૦.૪ ડીગ્રી નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. જ્યારે અમદાવાદમાં આકાશ સ્વચ્છ અને મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૪૦.૦ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૫ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૫ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૫ ટકા નોંધાયુ હતું. રાજ્યમાં મહત્તમ તાપમાન વડોદરામાં ૩૮.૦ ડીગ્રી, સુરતમાં ૩૬.૨, ભુજમાં ૩૮.૦, પોરબંદરમાં ૩૪.૦, નલીયા ૩૪.૪, અને ગાંધીનગર ૩૯.૨, ઈડર ૩૯.૬ ડિગ્રી નોંધાયું હતું.


ઉત્તર ગુજરાતના 'ફાર્મસી'ના વિદ્યાર્થીઓ માટે ખુશીના સમાચાર... (મહેસાણા, ગાંધીનગર)

'TCCI EPL' શરૂ કરે છે.

GPET-2013

ફી ₹ 14000/-

વર્ગ શરૂ થવાની તા. 05.07.2012 થી 30.04.2013

(દર રવિવારના '5' કલાકના ટીચીંગ, સાહિત્ય સાથેના વર્ગ)

GPET-2013

માત્ર મહેસાણા, ગાંધીનગર શાખા માટે જ !

'GPET' રેંકર્સ & Ph.D. કક્ષાના પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ

18 વર્ષથી સતત સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્ષેત્રમાં...!!

TET-2012

દરરોજનું 5 કલાકનું શિક્ષણ | TETમાં સંપૂર્ણ પ્રવેશ બંધ તા.18.05.12

92% સરેરાશ સફળતાની ટકાવારી સાથે 'સદા આગે'

પ્રવેશ મેળવતા પહેલાં ગુણવત્તા ભર્યુ 'શિક્ષણ તથા અદ્યતન સાહિત્ય'નું અવશ્ય ધ્યાન રાખો !

18 વર્ષનો સ્પર્ધાત્મક પરીક્ષાઓનો વિશાળ અનુભવ ધરાવતો 'TET'ની ખાસ 'TCCIEPL' પરીવાર !

MUKESH PATEL (GS / QA / TOR)

Dr. D.M. BHADRESARIA (M.A.B.Ed., M.phill, UGC-SLET, Ph.D) શિક્ષક અભિયોગ્યતા - વ્યાકરણ - સાહિત્ય TET સ્પેશ્યાલીસ્ટ

DR. U. PANDYA - English (MA, Ph.D)

DR. NINABEN - Gujarati (Ph.D)

MR. RAJUBHAI PATEL - Eng./Guj. (MA B.Ed-LLB)

MR. J. JALA - Maths (B.Sc., B.Ed., Retd. Principal)

MR. MADHUKAR CHAUHAN - ગુજરાતી સાહિત્ય/વ્યાકરણ (M.A., M.phill, UGC-SLET / NET)

DR. A PATEL - (Ph.D Pharm) - જનરલ સ્ટડીઝ/ગણિત

સાહિત્ય સહયોગ 'TCCI KNOWLEDGE VALLEY PUBLICATION'

ટૂંક સમયમાં B.Ed. માટે TETની જગ્યાઓ જાહેર થશે

TET-TAT-HTAT-UGCNET/SLET માટે ખાસ મેગેઝીન "KNOWLEDGE VALLEY"

કોન્સ્ટેબલ માટે જ ગેરંટેડ બેચ

100% લેખિત ગેરંટીથી કોન્સ્ટેબલમાં પ્રવેશ

વર્ગ ફક્ત પાટણ-ગાંધીનગર

પ્રવેશ બંધ તા. 18.05.2012

કોન્સ્ટેબલ ➡ પાટણ, ગાંધીનગર

29.11.12 થી ગાંધીનગર શાખાનું નવું સરનામું

પ્લોટ 99, ઑફીસ 206, બીજો માળ, શ્રી સ્કવેર, ઘ-રોડના છેડા પર, પેથાપુર ક્રોસ (સર્કલ) રોડ, (મહુડી રોડ), પેથાપુર, ગાંધીનગર.

TCCI EDUCATION PVT. LTD.®

૧૯ વર્ષથી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા....

પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A, ગાંધીનગર

| GANDHINAGAR | PALANPUR | PATAN | MAHESANA | VISNAGAR | HIMATNAGAR | HELPLINE |
|---|---|---|---|---|---|---|
| 95740 04321 | 95740 04322 | 95740 04323 | 95740 04324 | 95740 04325 | 95740 04326 | 95740 04328 |

GPSC (વર્ગ 1/2) Dy. SP/DC/મામલતદારની 1350 જગ્યાઓ - સંભવિત ઓક્ટોબર-2012